# મતભેદ અને ગુણગ્રાહિતા

દરેક સંપ્રદાયમાં વિદ્વાનોના બે પ્રકાર નજરે પડે છે. એક તો આગમપ્રધાન અને બીજો તર્કપ્રધાન. આગમપ્રધાન પંડિતો હંમેશાં પોતાના પરંપરાગત આગમોને-સિદ્ધાંતોને શબ્દશઃ પુષ્ટ રીતે વળગી રહે છે, જ્યારે તર્કપ્રધાન વિદ્વાનો આગમગત પદાર્થવ્યવસ્થાને તર્કસંગત અને રહસ્યાનુકૂલ માનવાની વૃત્તિવાળી હોય છે. એટલે કેટલીક વખતે બન્ને વચ્ચે વિચારભેદ પડે છે. એ વિચારભેદ જો ઉગ્ર પ્રકારનો હોય છે તો કાળક્રમે સંપ્રદાયભેદના અવતારમાં પરિણમે છે અને સૌમ્ય પ્રકારનો હોય છે તો તે માત્ર મતભેદ રૂપમાં જ વિરમી જાય છે: જેમાં સંપ્રદાયના ઇતિહાસનું અવલોકન કરતાં તેમાં આવા અનેક વિચારભેદો, મતભેદો, સંપ્રદાયભેદો અને તેનાં મૂળભૂત ઉક્ત પ્રકારના કારણો બુદ્ધિ આગળ સ્પષ્ટ તરી આવે છે. શ્રી **જિનભદ્ર ક્ષમાશ્રમણ** આગમપ્રધાન આચાર્ય હતા. તેઓશ્રીએ જૈન આગમામ્નાય પરંપરાગત ચાલ્યો આવતો હતો તેને અનુસરી સંગત ભાષ્ય રચવાનું પ્રધાન કાર્ય કર્યું છે. તેમાં જે તર્ક આમ્નાયાનુકૂળ હોય તેનો ઉપયોગ પોતાના સમર્થનમાં પૂરી રીતે કર્યો છે અને આગમની આગળ જનાર તર્કને ઉપેક્ષણીય ગણ્યો છે. તેઓશ્રીના પુરોગામી શ્રી **સિદ્ધસેન દિવાકર** તર્કપ્રધાન આચાર્ય હતા. શ્રી સિદ્ધસેન દિવાકરના ગ્રંથો મૌલિક-સિદ્ધાંતપ્રતિપાદક અને પ્રૌઢ વિચારપૂર્ણ છે. તેઓ જેમ તર્કશાસ્ત્રના વ્યવસ્થાપક અને વિવેચક છે, તેમ

Jain Education International     For Private & Personal Use Only     www.jainelibrary.org

જૈનદર્શનના એક અનન્ય આધારભૂત આપ્તપુરૂષ છે. શ્રી સિદ્ધસેન દિવાકરે પોતાના સંમતિતર્કમાં કેવલીને ( સર્વજ્ઞને ) કેવલજ્ઞાન અને કેવલદર્શન–એ બન્ને યુગપત્ એટલે એકીસાથે થતાં નથી, એ આગમપરંપરાના મતથી વિરૂદ્ધ જઈ બન્ને એક જ છે અને જૂદા નથી–એમ તર્કથી સિદ્ધ કર્યું છે; જ્યારે શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે આગમપરં-પરાગત તે મતને અભિમત રહી શ્રી સિદ્ધસેનજીના વિચારનો વિગતવાર પ્રતિક્ષેપ વિશેષાવશ્યકમાં કર્યો છે. આમ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ આગમપરંપરાના મહાન્ સંરક્ષક હતા, તેથી તેઓ આગમવાદી કે સિદ્ધાંતવાદીના બિરૂદથી જૈન વાઙ્મયમાં ઓળખાય છે.

આ પ્રકારનો એ આપ્ત–મહાપુરૂષોમાં મતભેદ–સૌમ્ય મતભેદ હોવા છતાં કેટલી ગુણગ્રાહિતા ને સમભાવિતા હતી, તે જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે રચેલ જીતકલ્પ સૂત્ર ઉપર, **'જિતકલ્પ ચૂર્ણિ'** રચનાર શ્રી સિદ્ધસેનસૂરિવરે તેની આદિમાં તેઓશ્રીની જે ગંભીરાર્થક સ્તુતિ છ પદ્યમાં કરેલી છે તે આ પ્રમાણે—

" અનુયોગના–આગમોના–અર્થજ્ઞાનના ધારક, યુગ-પ્રધાન, પ્રધાન જ્ઞાનીઓને બહુમત, સર્વ શ્રુતિ અને શાસ્ત્રમાં કુશલ અને દર્શન–જ્ઞાન ઉપયોગના માર્ગસ્થ ને માર્ગરક્ષક: " ૧

" કમલના સુવાસને આધીન થયેલા ભ્રમરો જેમ કમ-લની ઉપાસના કરે છે, તેમ જ્ઞાનરૂપ મકરંદના પિપાસુ મુનિઓ જેમનાં મુખરૂપ નિર્જરમાંથી નીકળેલા જ્ઞાનરૂપ અમૃતનું સદા સેવન કરે છે: " ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"સ્વ-સમય અને પર-સમયના આગમ, લિપિ, ગણિત, છન્દ અને શબ્દશાસ્ત્રો ઉપર કરેલા વ્યાખ્યાનોમાંથી નિર્મિત થયેલો જેમનો અનુપમ યશઃપટહ દશે દિશામાં ભમી રહેલો છે:" ૩

"જેમણે પોતાની અનુપમ મતિના પ્રભાવે જ્ઞાન, જ્ઞાની, હેતુ, પ્રમાણ અને ગણધરપૃચ્છાનું સવિશેષ વિવેચન 'વિશેષાવશ્યક'માં ગ્રન્થનિબદ્ધ કર્યું છે:" ૪

"જેમણે છેદસૂત્રોના આધારે પુરૂષવિશેષના પૃથક્કરણ પ્રમાણે પ્રાયશ્ચિત્તના વિધિનું વિધાન કરનાર 'જીતકલ્પ-સૂત્ર'ની રચના કરી છે:" ૫

"એવા સ્વ-પર સમયના સિદ્ધાંતોમાં નિપુણ, સંયમશીલ, શ્રમણોના માર્ગના અનુગામી અને ક્ષમાશ્રમણોમાં નિધાન-ભૂત શ્રી **જિનભદ્રગણિ ક્ષમાશ્રમણને** નમસ્કાર!" ૬

## આત્મચિંતનનું મહત્ત્વ

આત્મવાદથી બીજા બધા વાદ ગૌણ છે. જ્યાં સુધી આત્માને ન ઓળખી શકાય, ત્યાં સુધી આત્માનું અવિચલ સુખ પ્રાપ્ત કરવાનો પુરુષાર્થ પણ ક્યાંથી થાય? જ્યારે એ તત્ત્વ યથાસ્થિત સમજાય, તેનું ધ્યાન પ્રગટે, કર્મનું જ્ઞાન થાય, ત્યારે તેને નિવારવા પુરુષાર્થ કરી ખરૂં શાશ્વત સુખ પ્રાપ્ત કરી શકાય. બીજી બધી જંજાળો કરતાં આત્મચિન્તવન જંજાળને વધુ મહત્ત્વ આપવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org